# ફીની વિગત

## માધ્યમિક વિભાગ

| ક્રમ | સ્થળ | ફીનો પ્રકાર | ધોરણ | | |
|---|---|---|---|---|---|
| | | | ૮ | ૯ | ૧૦ |
| ૧. | અમદાવાદ | શિક્ષણ ફી | ૭ | ૭-૫૦ | ૮ |
| | | પ્રવેશ ફી | ૭ | ૭-૫૦ | ૮ |
| | | સત્ર ફી | ૭ | ૭-૦૦ | ૭ |
| ૨. | એક લાખથી વધુ વસ્તીવાળા શહેરો માટે | શિક્ષણ ફી | ૬ | ૬-૫૦ | ૭ |
| | | પ્રવેશ ફી | ૬ | ૬-૫૦ | ૭ |
| | | સત્ર ફી | ૬ | ૬-૦૦ | ૬ |
| ૩. | અન્ય શાળાઓ માટે | શિક્ષણ ફી | ૫ | ૫-૫૦ | ૬ |
| | | પ્રવેશ ફી | ૫ | ૫-૫૦ | ૬ |
| | | સત્ર ફી | ૫ | ૫-૦૦ | ૫ |

## ઉચ્ચતર માધ્યમિક વિભાગ

| ફીનો પ્રકાર | સામાન્ય પ્રવાહ | | વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|---|---|---|
| | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
| શિક્ષણ ફી (સત્ર દીઠ) | -- | ૧૨૫ | -- | ૧૨૫ |
| એનરોલમેન્ટ ફી (વાર્ષિક) | ૧૦ | -- | ૧૦ | -- |
| સત્ર ફી (સત્ર દીઠ) | ૮ | ૮ | ૮ | ૮ |
| લેબોરેટરી ફી (સત્ર દીઠ) | -- | -- | ૧૫ | ૨૫ |
| ઉધોગ ફી (સત્ર દીઠ) | ૫ | ૫ | ૫ | -- |
| પરીક્ષા ફી (વાર્ષિક) | ૬ | - | ૭-૫૦ | -- |
| શિક્ષણ રીપીટર ફી (સત્ર દીઠ) | ૯૦ | - | ૯૦ | -- |

નોંધ: શાળાએ ઉદ્યોગ ફી અને પરીક્ષા ફીની આવકમાંથી કરેલ ખર્ચ મજરે આપવાનો હોય છે.

ગુજરાત રાજ્યના બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડા, ઈતર ખર્ચના વિકલ્પે ફી લેવા માટે વિકલ્પ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧-(૪)-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨ - ૭ - ૧૯૯૯

સંદર્ભ : ૧. શિક્ષણ વિભાગના તા.૨૫-૧૦-૮૯ના ઠરાવ નં. બમશ-૧૧૮૯-૫-૪૭૨-૯૬-ગ
૨. શિક્ષણ વિભાગના તા.૩૦-૬-૯૯ ના ઠરાવ નં. બમશ-૧૧૯૯-૭૪૧-(૧)-ગ

**ઠરાવ :-**

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ - (૧) માં જણાવેલ ઠરાવ અન્વયે રાજ્યમાં આવેલ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને હાલમાં સહાયક અનુદાન આપવામાં આવે છે તેમાં મકાન ભાડુ અને ઈતર ખર્ચ માટે પણ અનુદાન આપવામાં આવે છે, જેના ખર્ચનું ઓડિટ કરાવવાનું ફરજીયાત હોય છે, જે અન્વયે ઓડિટની લાંબી પ્રક્રિયા અને બીજા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાથી ઉપર સંદર્ભ-૨ અન્વયે નવી શરૂ થતી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડુ અને ઈતર ખર્ચના વિકલ્પે પ્રવેશ ફી, સત્ર ફી વગેરે લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ ચાલુ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમને મળતા મકાન ભાડુ અને ઈતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે નીચે જણાવેલ ફી લઈ શકે તે માટે તેઓને વિકલ્પ આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|---|---|---|---|
| (૧) | નિભાવ ફી (માસીક) | ૩૫ | ૪૦ | ૪૫ | ૫૦ | ૬૦ |
| (૨) | પ્રયોગશાળા ફી સત્ર દીઠ (વિજ્ઞાન પ્રવાહ) | - | - | - | ૪૦ | ૫૦ |

આ અંગેનો વિકલ્પ ચાલુ ગ્રાન્ટવાળી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ આ ઠરાવ બહાર પડયાની તારીખથી ત્રણ મહિનામાં જે તે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનો રહેશે. ત્યાર બાદ નવુ નાણાંકિય વર્ષ શરૂ થાય તેના બે માસ પહેલાં વિકલ્પ આપવાનો રહેશે. આ માટે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ ઠરાવના પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણે

...૨...

ઈતર ખર્ચ કરી શકશે. જે ઈતર ખર્ચ અને મકાન ભાડુ અથવા મકાનના નિભાવ ખર્ચનુ ઓડીટ કરવાનુ રહેશે નહી. આ અંગે જણાવેલ સમય મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને વિકલ્પ આપવામાં નહી આવે તો શાળા તેની ચાલુ ગ્રાન્ટની નીતિ ચાલુ રાખવા માગે છે તે માની લેવામાં આવશે. આ બાબતમાં આપવામાં આવેલ વિકલ્પ એક વખતનો અને આખરી ગણાશે. તેમા પછીથી કોઈ ફેરફાર માન્ય રાખવામાં આવશે.નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩-૬-૯૯નો નોંધ અન્વયે મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી.કે.ભટ્ટ,
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત ~~xx~~ સરકાર

બિડાણ - પરીશિષ્ટ - ૨

ક્રમાંક-ગ્રાન્ટ- હિ-૨/૯૯-૨૦૦૦/૧૪૯૯-૧૬૫૫
જિલ્લા શિક્ષણાધિકારી, કચેરી,
ભાવનગર. તા.૨૧-૭-૯૯

નકલ જાણ તથા કરેલ કાર્યવાહીની જાણ કરવા તથા ઠરાવની જોગવાઈ/શરતો અનુસાર આ અંગેના ઓપ્શન અંગેની લેખીતમાં સમયમર્યાદામાં જાણ કરવા સારૂ.

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિનસરકારી માધ્ય/ઉચ.માધ્ય.શાળાઓ તમામ
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

જિલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર.

બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક
શાળાઓમાં " ફી " લેવા અંગે.

ગુજરાત સરકાર ,
શિક્ષણ વિભાગ ,
ઠરાવ ક્રમાંક : બમશ / ૧૧૦૩ / ૧૪૪૨ / ગ.
સચિવાલય , ગાંધીનગર.
તારીખ : ૨૫ - ૬ - ૨૦૦૩.

વંચાણે લીધા :- શિક્ષણ વિભાગની તા : ૩ - ૫ - ૭૯ ના
ઠરાવ ક્રમાંક : એસએસએન / ૩૪૭૮ / ૭૫૫૭૬ / ગ.

ઠરાવ :-

રાજ્યમાં આવેલી અનુદાન લેતી બિન સરકારી માધ્યમિક શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આમુખમાં દર્શાવેલ તા : ૩ - ૫ - ૭૯ ના ઠરાવથી નકકી થયેલ ' ફી ' ના પ્રમાણમાં ઉતરો ઉતર વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે ફી વધારો કરવો આવશ્યક જણાઈ આવેલ છે. તદઅનુસાર ધોરણ - ૮ થી ધોરણ - ૧૨ માં અભ્યાસ કરતા છોકરાઓ પાસેથી સત્ર ફી , પ્રવેશ ફી , શિક્ષણ ફી , ઉદ્યોગ ફી , લેબોરેટરી ફી ( વાર્ષિક ) એનરોલમેન્ટ ફી અને પરીક્ષા ફી ના નકકી થયેલ ધોરણોમાં ફી વધારો કરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે અનુદાન સહાય મેળવતી બિન - સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા છોકરાઓ / વિદ્યાર્થીઓ પાસેથી જૂન - ૨૦૦૩ થી અમલમાં આવે તે રીતે નીચે પ્રમાણેનું ધોરણ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ધોરણ | વિગત | " ફી " ની દર રૂ. |
|---|---|---|
| ૮ | સત્ર ફી | ૨૫ - ૦૦ |
| ૯ | સત્ર ફી | ૨૫ - ૦૦ |
| ૧૦ | સત્ર ફી | ૨૫ - ૦૦ |
| ૮ | પ્રવેશ ફી | ૨૫ - ૦૦ |
| ૯ | પ્રવેશ ફી | ૨૫ - ૦૦ |
| ૧૦ | પ્રવેશ ફી | ૨૫ - ૦૦ |
| ૮ | શિક્ષણ ફી | ૨૫ - ૦૦ |
| ૯ | શિક્ષણ ફી | ૨૫ - ૦૦ |
| ૧૦ | શિક્ષણ ફી | ૨૫ - ૦૦ |
| ૧૧ અને ૧૨ | સત્ર ફી | ૫૦ - ૦૦ |
| | શિક્ષણ ફી | ૩૦૦ - ૦૦ |
| | ઉદ્યોગ ફી | ૫૦ - ૦૦ |
| | લેબ. ફી ( વાર્ષિક ) | ૧૦૦ - ૦૦ |
| | એનરોલમેન્ટ ફી | ૨૦ - ૦૦ |
| | પરીક્ષા ફી | ૧૦ - ૦૦ |
| | વર્કશોપ ફી ( કૃષિ અને અન્ય ) | ૧૦૦ - ૦૦ |

૨/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા : ૫ - ૬ - ૨૦૦૩ ની નાણાંકીય સલાહકારશ્રીની સંમતિ મેળવી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( મનહર આર ચૌધરી )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ,

નકલ રવાના :-
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, સેકટર - ૧૦ બી, જુના સચિવાલય, ગાંધીનગર ( સબંધિતોને પરિપત્ર કરવાની વિનંતી સહ )

ક્રમાંક : મઉમશબ / ગ / દે. ૬ / ૮૫૧૧ / ૮૮
ગુજરાત મા. અને ઉ.મા. શિ. બોર્ડ,
સેકટર - ૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા : ૩૦ - ૬ - ૦૩.

નકલ રવાના જાણ તથા આગળની કાર્યવાહી સારૂ.

( ડો. જી. કે. પટેલ )
સચિવ
ગુજરાત મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર

પ્રતિ,
૧. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ.
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

૩૪૩૪ થી ૩૬૧૪
ક્રમાંક / માધ્ય / ૦૩ - ૦૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર. તા : ૨૮/૭/૦૩

પ્રતિ,
આચાર્યશ્રી
બિન સરકારી માધ્યમિક / ઉચ્ચ. માધ્ય. શાળાઓ ( ગ્રાન્ટ લેતી ) તમામ
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

ઉપર્યુક્ત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર.

નકલ રવાના :
આ કચેરીની ગ્રાન્ટ શાખા
શિક્ષણ નિરીક્ષકશ્રી / મ.શિ.નિ. બીટ - ૧ / ૨ / ૩ / ૪